| | | | | | |
|---|---|---|---|---|---|
| સત્य मेव जयते | દાખલ તારીખ | : | ૦૫–૦૯–૨૦૨૪ | | |
| | રજી. તારીખ | : | ૦૫–૦૯–૨૦૨૪ | | |
| | નિકાલ તારીખ | : | ૨૩–૦૭–૨૦૨૬ | | |
| | સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**<u>રાજુલાનાં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ</u>**
**<u>શ્રી આર.વી.સોની સાહેબની કોર્ટ સમક્ષ. મું.રાજુલા</u>**

**ફોજદારી કેસ નં.૯૫૩/૨૦૨૪**
**આંક :–**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધ**

આરોપીઓ : (૧) આતુભાઈ દુદાભાઈ ઉર્ફે દાનાભાઈ પરમાર
ઉ.વ.આ.૭૦,
(૨) રાજાભાઈ દાનાભાઈ પરમાર (એબેટ)
ઉ.વ.આ.૭૨
(૩) રાકેશભાઈ રાજાભાઈ પરમાર
ઉ.વ.આ.૨૫
(૪) લાલજીભાઈ આતુભાઈ પરમાર
ઉ.વ.આ.૩૦
તમામ રહે. દાતરડી બસ સ્ટેશનની બાજુમાં,
તા.રાજુલા,જિ.અમરેલી.

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

**ગુન્હો : ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ....**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**અપિયરન્સ :–**

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એમ.ત્રિવેદી

આરોપીઓ તરફે વિ. વ.શ્રી પી.એમ.બાબરીયા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**–: ચુકાદો :–**

(૧).. ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીના પિતા આતુભાઈ દાનાભાઈ પરમાર મારા ઘરે આવી કહેલ કે આ ઘર મારૂ છે. તુ ખાલી કરી દેજે તેમ કહી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ મુંઢમાર મારવા લાગેલ એટલામાં ઝઘડાનો અવાજ સાંભળી મારા કાકા રાજાભાઈ દાનાભાઈ પરમાર તથા તેમનો દિકરો રાકેશભાઈ મારા ઘરે આવી બં ને બાપ દિકરો ગાળો આપવા લાગેલ અને ગાળો દેવાની ના પાડતા મારા કાકા દાનાભાઈના હાથમા રહેલ કુવાડાના હાથા વડે મારા ડાબા પગમાં સાથળના ભાગે બે ઘા તથા જમણા હાથના અંગુઠા પાસે એક ઘા મારેલ અને બાદ થોડીવાર પછી ફરિ.ના ભાઈ લાલજીભાઈ તેના હાથમાં લોખંડની ટી લઈને અને કહેલ કે તુ બાપુજી સાથે કેમ ઝગડો કરે છે. તેમ કરી ફરિ.ના માથાના ભાગે એક ઘા મારતા લોહી નિકળવા લાગેલ અને બીજો ઘા મારવા જતા ફરિ.ના ડાબા હાથના ભાગે ઈજા મુંઢ કરેલ અને ફરિ.ના પત્નિ નયનાબેન વચ્ચે પડતા આ લાલજીભાઈએ ટી નો એક ઘા ડાબા હાથના અંગુઠાના ભાગે મારી ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી મે અધિક જીલ્લા મેજી. સાહેબ અમરેલીનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–**૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી સદર ગુના બાબતની ફરીયાદ સંબંધીત પો.સ્ટે.માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

(૨).. આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતા ફો.કા.અ.ની કલમ ૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપીઓ વિરૂધ્ધ **આંક–૧૦** થી તહોમતનામું ફરમાવી, આરોપીઓનો **આંક –૧૧ થી ૧૪ સુધીનાઓનો** જવાબ લેવામાં આવતાં સદરહુંઆરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(અ) મૌખિક પુરાવા :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦ | ફરીયાદી મનસુખભાઈ આતુભાઈ પરમારની જુબાની. |
| ૨. | ૨૨ | સાહેદ નયનાબેન વા/ઓ મનસુખભાઈ પરમારની જુબાની. |

(બ) દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૧ | ફરીયાદ |
| ૨. | ૨૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૨૪ | અટક પંચનામું |
| ૪. | ૨૫ | જાહેરનામાની ખરી નકલ |
| ૫. | ૨૬ થી ૨૭ | એમ.એલ.સી.સર્ટીફીકેટ |
| ૬. | ૨૮ | કલોઝીંગ પુરસીસ |

આ કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી દ્વારા આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ કલોઝીંગ પુરસીસ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫).. આ કેસની ઉપરોકત હકીકતો તથા ઉપરોકત કાયદાકીય સીધ્ધાંત ધ્યાને લેતા આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧).. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે**,** આ કામના ફરિયાદીના પિતા આતુભાઈ દાનાભાઈ પરમાર મારા ઘરે આવી કહેલ કે આ ઘર મારૂ છે. તુ ખાલી કરી દેજે તેમ કહી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ મુંઢમાર મારવા લાગેલ એટલામાં ઝઘડાનો અવાજ સાંભળી મારા કાકા રાજાભાઈ દાનાભાઈ પરમાર તથા તેમનો દિકરો રાકેશભાઈ મારા ઘરે આવી બંને બાપ દિકરો ગાળો આપવા લાગેલ અને ગાળો દેવાની ના પાડતા મારા કાકા દાનાભાઈના હાથમા રહેલ કુવાડાના હાથા વડે મારા ડાબા પગમાં સાથળના ભાગે બે ઘા તથા જમણા હાથના અંગુઠા પાસે એક ઘા મારેલ અને બાદ થોડીવાર પછી ફરિ.ના ભાઈ લાલજીભાઈ તેના હાથમાં લોખંડની ટી લઈને અને કહેલ કે તુ બાપુજી સાથે કેમ ઝગડો કરે છે. તેમ કરી ફરિ.ના માથાના ભાગે એક ઘા મારતા લોહી નિકળવા લાગેલ અને બીજો ઘા મારવા જતા ફરિ.ના ડાબા હાથના ભાગે ઈજા મુંઢ કરેલ અને ફરિ.ના પત્નિ નયનાબેન વચ્ચે પડતા આ લાલજીભાઈએ ટી નો એક ઘા ડાબા હાથના અંગુઠાના ભાગે મારી ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી મે અધિક જીલ્લા મેજી. સાહેબ અમરેલીનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી**,** ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૪,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં**,** (૨) આખરી હુકમ મુજબ.

**ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

**<u>–:: કા ર ણો ::–</u>**

(૦૭).. ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદપક્ષે સૌપ્રથમ આંક–૨૦ થી આ કામના મુળ ફરીયાદી મનસુખભાઈ આતુભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવનાં દિવસે હું તથા મારા પત્ની નયનાબેન ધરે હાજર હતા તે વખતે અમારી બાજુમાં રહેતા અમારા સબંધી આતુભાઈ દાનાભાઈ મારા ધરે આવેલા અને અમે જે મકાનમાં રહીએ છીએ તે ખાલી કરી આપવા માટે મારી તથા મારા પત્ની સાથે સામાન્ય બોલાચાલી કરેલી તે દરમ્યાન રાજાભાઈ,રાકેશભાઈ રાજાભાઈ તથા લાલજીભાઈ આતુભાઈ નાઓ પણ ત્યા આવી ગયેલા અને ચારેય જણાઓએ એક સંપ કરી અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલી તે દરમ્યાન આડોશ પાડોશમાંથી ધણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને આ વખતે માણસોના ટોળામાં અંદરો અંદર ધકકા મુકકી થતા હું તથા મારા પત્ની પડી જતા અમોને શરીરે નાની–મોટી ઈજાઓ થયેલી.જેથી અમોએ રાજુલા સરકારી દવાખાને સારવાર લીધેલી. બનાવમાં આ સિવાય કશુ બીજુ બનેલ નથી. બનાવની ફરીયાદ મે હાજર લોકોના કહેવાથી આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જે મારી સહી છે તે હું ઓળખી બતાવુ છુ. ફરીયાદને રજુ દાખલ આંક– ૨૧ આપવામાં આવે છે. આરોપીઓને હું ઓળખુ છુ. જે પૈકી આરોપી આતુભાઈ તથા રાકેશભાઈ નામ. કોર્ટમા હાજર છે સાહેદ તેઓને ઓળખી બતાવે છે બાકીના આરોપીઓ તરફે ઓળખની તકરાર નથી.'' ત્યારબાદ બચાવપક્ષની સમંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

ત્યારબાદ,બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે આરોપીઓએ મને તથા મારા પત્નિને ગાળો આપી ઢીકાપાટુ તથા હથિયાર વડે મારા મારી ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી, બનાવમાં મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, ડોકટરને હિસ્ટ્રી મારી સાથે આવેલ અમારા સગા વ્હાલાઓએ લખાવેલી.''

(૭.૧) વધુમાં આંક–૨૨ થી સાહેદ નયનાબેન મનસુખભાઈ **પરમાર**ને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવનાં દિવસે હું તથા મારા પતિ મનસુખભાઈ ધરે હાજર હતા તે વખતે અમારી બાજુમાં રહેતા અમારા સબંધી આતુભાઈ દાનાભાઈ મારા ધરે આવેલા અને અમે જે મકાનમાં રહીએ છીએ તે ખાલી કરી આપવા માટે મારી તથા મારા પતિ સાથે સામાન્ય બોલાચાલી કરેલી તે દરમ્યાન રાજાભાઈ, રાકેશભાઈ રાજાભાઈ તથા લાલજીભાઈ આતુભાઈ નાઓ પણ ત્યા આવી ગયેલા અને ચારેય જણાઓએ એક સંપ કરી અમારી સાથે સામાન્ય બોલાચાલી કરેલી તે દરમ્યાન આડોશ પાડોશમાંથી ધણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને આ વખતે માણસોના ટોળામાં અંદરો અંદર ધકકા મુકકી થતા હું તથા મારા પતિ પડી જતા અમોને શરીરે નાની–મોટી ઈજાઓ થયેલી.જેથી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

અમોએ રાજુલા સરકારી દવાખાને સારવાર લીધેલી. બનાવમાં આ સિવાય કશુ બીજુ બનેલ નથી. આરોપીઓને હું ઓળખુ છુ. જે પૈકી આરોપી આતુભાઈ તથા રાકેશભાઈ નામ. કોર્ટમા હાજર છે સાહેદ તેઓને ઓળખી બતાવે છે બાકીના આરોપીઓ તરફે ઓળખની તકરાર નથી.'' ત્યારબાદ બચાવપક્ષની સમંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

ત્યારબાદ,બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે આરોપીઓએ મને તથા મારા પતિને ગાળો આપી ઢીકાપાટુ તથા હથિયાર વડે મારા મારી ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી, બનાવમાં મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, ડોકટરને હિસ્ટ્રી મારી સાથે આવેલ અમારા સગા વ્હાલાઓએ લખાવેલી.''

**(૦૮).. <u>પુરાવાનું મૂલ્યાંકન :–</u>**

**(૮.૧)..** ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લેતાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૩૨૪,૩૨૩ ૫૦૪,૫૦૬(૨),૧૧૪ હેઠળના ગુનાનો આક્ષેપ છે. સદર કામે આંક–૨૦ થી તપાસવામા આવેલ આ કામના મુળ ફરીયાદી મનસુખભાઈ આતુભાઈ પરમારનાઓએ તથા આંક–૨૨ થી તપાસવામાં આવેલ સાહેદ નાઓએ તેઓની જુબાનીમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજુ કાઈ બનેલાની હકીકત જણાવેલ છે. આમ, આ કામે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, આરોપીઓએ તેઓને તથા તેઓના પત્નિને ગાળો આપી ઢીકાપાટુ તથા હથિયાર વડે માર મારી ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી, બનાવમાં તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, ડોકટરને હિસ્ટ્રી તેઓની સાથે આવેલ તેઓના સગા વ્હાલાઓએ લખાવેલી.

(૮.૨). આમ, ફરિયાદપક્ષે તપાસેલ મુળ ફરિયાદી તથા સાહેદ કે જેઓ આ કામના ઈજા પામનાર સાહેદ છે તેઓની જુબાની ધ્યાને લેતા વાદગ્રસ્ત બનાવના આરોપીએ કોઈ માર મારેલ હોય કે કોઈ ધમકી આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઈ કે કોઈ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર ધારણ કરેલ હોય તેવી કોઈ હકીકતો, કોઈ પુરાવો સદર સાહેદ આપતા નથી. જયારે સદર મુળ ઈજા પામનાર સાહેદે કોઈ જ બનાવમાં તેઓને કોઈ ઈજા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરતા હોય. ત્યારે બચાવપક્ષે કબુલ રાખેલ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

આમ ફરિયાદપક્ષે આરોપીએ કોઈ માર મારેલ હોય કે કોઈ ધમકી આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે કોઈ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર ધારણ કરેલ હોય તેવી હકીકત વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય. આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>voo C] S D oov</u>**

(૧) આ કામના આરોપીઓ ૧) આતુભાઈ દુદાભાઈ ઉર્ફે દાનાભાઈ પરમાર ઉ.વ.આ.૭૦, ૨) રાજાભાઈ દાનાભાઈ પરમાર (એબેટ) ઉ.વ.આ.૪૨, ૩) રાકેશભાઈ રાજાભાઈ પરમાર ઉ.વ.આ.૨૫, ૪) લાલજીભાઈ આતુભાઈ પરમાર ઉ.વ.આ.૩૦, તમામ રહે. દાતરડી બસ સ્ટેશનની બાજુમાં, તા.રાજુલા,જિ.અમરેલી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી. કો. કલમ–**૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીઓએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના બીન કિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમો અનુસાર નાશ કરવો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ:–૨૩–૦૭–૨૦૨૬**
**સ્થળ:–રાજુલા**

**(રાકેશકુમાર વસંતલાલ સોની)**
**એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,રાજુલા**
**જજીસ કોડ નં.જી.જે.૦૧૧૯૩**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula